**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૩

### ગાંધીનગર મનપા તંત્ર દ્વારા

# ચાર માસમાં ૧ ૩૦૦થી વધુ ઢોર પાંજરે પૂરાયાં

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં વર્ષોથી રખડતા ઢોરનો ત્રાસ રહ્યો છે. માર્ગ વચાળે રખડતા ઢોરને પગલે બે પૈંડા પરની જીંદગી પણ જોખમાઈ રહી છે. શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યા પણ રખડતા ઢોરને પગલે વધી જવા પામી છે. ત્યારે મનપા તંત્ર દ્વારા છેલ્લા ચારમાસમાં ૧ ૩૦૦ થી વધુ ઢોર પાંજરે પુર્યા છે. જેમાં ૫૦૦ થી વધુ આખલાઓનો સમાવેશ થવા પામે છે. તંત્ર દ્વારા આટલા ઢોર અંતિમ ધામની બાજુમાં લાખો રૂપીયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલ ડબામાં પુરવામાં આવ્યા છે અને ત્યાંથી વિવિધ પાંજરાપોળમાં ઢોર મોકલી દેવામાં આવે છે. આ કામગીરી માટે તંત્રની ૨૦થી વધુ કર્મચારીઓની ટીમ કામ કરી રહી છે. ત્યારે કેટલાક ઢોરને પગલે કર્મચારીઓને ઈજા પહોચવાના કિસ્સા પણ નોંધાયા છે. તેમ છતા કર્મચારીઓ શહેરને ઢોર મુક્ત બનાવવા માટે કમરકસી રહ્યા છે.



ગાંધીનગર શહેરની ગણના સ્વચ્છ અને સુંદર નગર તરીકે થતી હતી. પરંતુ શહેરના સેકટરોમાં રહેતી શિક્ષિત પ્રજા છતા ઠેરઠેર કચરાના ઢગ અને ગંદકીને પગલે શહેરની ઓળખ બદલાઈ જવા પામી છે. શહેરમાં ઢોરવાડાને પગલે નગર પણ ગામડા જેવું બની ગયું છે. ત્યારે રખડતા ઢોરનો ત્રાસ અત્યંત વધી જવા પામ્યો છે. મનપા તંત્ર દ્વારા સ્પેશીયલ ઢોર પકડવા માટેની ટીમ તૈયાર કરાઈ છે. જેમાં કર્મચારીઓ વિવિધ સેકટરોમાં ફરીને રખડતા ઢોરને કાબુમાં કરીને પાંજરે પુરે છે.તેમ છતા પણ નગરના માર્ગો પર રખડતા ઢોર નજરે પડી રહ્યા છે.

મનપાની ટીમ દ્વારા છેલ્લા ચારમાસમાં એક અંદાજ મુજબ ૧ ૩૦૦થી વધુ ઢોર સેકટરોમાંથી અને મુખ્યમાર્ગો પરથી પકડીનો પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. ત્યારે રખડતા ઢોરથી શહેર મુકત થાય તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

## આઈ લવ માય ગાંધીનગર



**કમળાબેન બિપીનભાઈ ચૌહાણ**
ગૃહિણી

**ગાંધીનગર ગમે**
શાંત વાતાવરણ, સ્વચ્છતા અને સારી શિક્ષણ સુવિધાઓને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત અને શહેરની પ્રગતિમાં રસ ધરાવતાં નગરજનો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
શહેરમાં ચાલતી વિદ્યા અભ્યાસની પ્રવૃત્તિઓ ગમે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ આપી શકે તેવી અનેક શિક્ષણ સંસ્થાઓ અહીં છે, જે સૌની પ્રવૃત્તિ ગમે છે.
આ ઉપરાંત એસએમસીની પ્રવૃત્તિઓ પણ ગમે છે, જે નગર માટે ઘણી લાભદાયી નીવડી છે.

**નગરને બહેતર બનાવવા**
વિદ્યાર્થીઓને વિશેષ અભ્યાસ માટે બહાર ન જવું પડે અને આ અભ્યાસની વ્યવસ્થા શહેરમાં જ થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

**નગર માટે હું કરી શકું**
નગરનો સર્વ ક્ષેત્રોમાં પ્રગતિશીલ બનાવવા મારો સર્વ પ્રકારનો ફાળો આપવા તૈયાર છું.



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે સૅક્ટર-૩માં સ્થિત એસએસવી શિક્ષણ સંકુલ દ્વારા ધોરણ-૮થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે ફૉરેન્સિક સાયન્સ લૅબોરેટરી, ગાંધીનગરની મુલાકાતનું આયોજન કર્યું હતું. લૅબની કામગીરી ઉપરાંત ફૉરેન્સિક સાયન્સ વિશેની ઊંડાણપૂર્વકની માહિતી અહીં વિદ્યાર્થીઓને જોવા મળી હતી. ગુનો ઉકેલવા માટે તથા અપરાધીની ભાળ મેળવવા માટે આ આધુનિક પધ્ધતિ કેવી રીતે ઉપયોગી થાય છે તે જાણીને વિદ્યાર્થીઓને આશ્ચર્ય સહ આનંદ થયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ફરજરત નિષ્ણાતને વિવિધ સવાલો પણ પૂછવામાં આવ્યા હતા, જેના સંતોષકારક જવાબો નિષ્ણાત દ્વારા પાઠવીને વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષવામાં આવી હતી.

# કુડાસણ ઉમિયા કોમ્પ્લેક્ષમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલા કુડાસણ ગામની સીમમાં સ્થિત ઉમિયા કોમ્પ્લેક્ષમાં થોડા દિવસો પહેલા દુકાનોના તાળા તોડી રોકડ, મોબાઈલ અને એક બાઈકની ચોરી થવા પામી હતી. આ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાંગાંધીનગર એલસીબીની ટીમને સફળતા મળી છે. ચોરીના મોબાઈલ સાથે એક સાગરીતની ધરપકડ કરી પુછતાછ કરતા ગુનાની કબુલાત કરનાર આ શખ્સે તેના અન્ય બે સાગરીતના નામ પણ આપ્યા છે. એલસીબીએ તેની વધુ પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીએસઆઈ એચ. કે. સોલંકી તથા તેમની ટીમે એસપીની સુચનાથી ઘરફોડ ચોરીઓ અટકાવવા તથા ઘરફોડીયા પકડવા બાંધકામ સાઈટો પર કામ કરતાં શ્રમિકોની યાદી તૈયાર કરી વેરીફીકેશન કામ શરૂ કર્યું છે. દરમ્યાન ટીમ ગઈકાલે પેટ્રોલીંગમાં કોબા રોડ પરથી નીકળી હતી. ત્યારે કોબા સર્કલથી કેનાલ પાર કડી એપોલો સર્કલ જતા માર્ગ પરથી એક શખ્સ શંકાસ્પદ રીતે પોલીસની ગાડી જોઈને ઝાડીઓ તરફ ભાગતા દેખાયો હતો.

શંકાને આધારે એલસીબીની ટીમે તેનો પીછો કરીને પકડી પાડી તપાસ કરતા તેની પાસેથી એક મોબાઈલ મળી આવ્યો હતો. સરખેજ ખાતે છાપરામાં રહેતા વિનુ સુરેશ હઠીલા નામના શખ્સને મોબાઈલના બીલ વિશે પુછતા સંતોષકારક જવાબ ન આપતા કડક પુછતાછ કરાઈ હતી. આ મોબાઈલ ચોરીનો હોવાનું ખુલ્યુ હતુ. વિનુ હઠીલાએ ચાંદલોડીયાના તેના મિત્ર અલ્પેશ મહેન્દ્ર મહેતા અને રાઘવ નામના સાગરીતો સાથે મળીને કુડાસણના ઉમીયા કોમ્પલેક્ષમાં દુકાનોના તાળા તોડ્યા હોવાની તેણે કબુલાત કરી હતી. દુકાનમાંથી મોબાઈલ, રોકડ રકમ અને બાઈક ચોર્યુ હતુ. તેમાંથી મોબાઈલ વિનુ હઠીલાના ભાગમાં આવ્યો હતો. એલસીબીએ તેની ધરપકડ કરી મોબાઈલ રીકવર કરી લઈને વધુ તપાસ આરંભી છે.

# આર એન પટેલ શાળાના વિદ્યાર્થીઓ સાયન્સ સિટીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર, સે. ૨૩ની આર.એન. પટેલ પ્રાથમિક શાળાના ધો. ૭ના કુલ ૧૨૦ વિદ્યાર્થીઓએ તાજેતરમાં સાયન્સ સીટીની મુલાકાત લઈ આજના વિજ્ઞાન યુગમાં ટેકનોલોજીથી આવેલા પરિવર્તનો તથા તેનું મહત્વ સમજવા પ્રત્યક્ષદર્શન કર્યુ હતું.

સાયન્સ સીટીમાં વિજ્ઞાનના જુદા જુદા મોડેલ્સ, નોબેલ પારિતોષિક શ્રેણીનું પ્રદર્શન, મિસાઈલ પરિક્ષણ, વૉકીંગ ઓન ધ મુન થ્રીડી ફિલ્મ, પૃથ્વીનો ગોળો, મિશન ટુ માર્શ, તારા મંડળ, ફોર-ડી ફિલ્મ તથા અવનવી થ્રીલ રાઈડ્સનો બાળકોએ આનંદ માણ્યો હતો. આ પ્રવાસ દરમ્યાન બાળકોએ અડાલજ ખાતેની રૂડી દેવીએ બંધાવેલા ઔતિહાસિક બેનમૂન સ્થાપત્ય અડાલજની વાવની તથા વૈષ્ણવોદેવી મંદિરની મુલાકાત લીધી હતી.




# એક વર્ષથી વૉન્ટેડ બુટલેગર ઝડપાયો

### ગાંધીનગર એસઓજીની ટીમે કડીના બુટલેગરને કલોલ તાલુકાના જેઠલજ ગામેથી પકડ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર એસપીની સુચનાથી એસઓજી પીઆઈ જે.ડી. પુરોહીત તથા તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં વિવિધ ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓની યાદી બનાવી તેમને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે. દરમ્યાન એસઓજીની ટીમને બાતમી મળી હતી કે કડીના થોળ ગામનો બુટલેગર રામાજી ઊર્ફે ગનાજી અરજણજી ઠાકોર કે જે કલોલ તાલુકાના સાંતેજ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ છે તે કલોલ તાલુકાના જેઠલજ ગામના પાટીયે આવી રહ્યો છે. તેને આધારે વોચ ગોઠવીને રામાજીને દબોચી લઈ સાંતેજ પોલીસને સોંપ્યો છે. એક વર્ષથી આ આરોપી નાસતો ફરતો હતો.

## @ગાંધીનગર

- શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ભાટનો વાર્ષિકોત્સવ 'નિજાનંદ' ગાંધીનગર ટાઉનહૉલ ખાતે સવારે ૮.૪૫ કલાકે ઉજવાશે.
- સૅક્ટર-૩ એના ચેહર માતા મંદિર ખાતે શિવકથાનો પ્રારંભ. બપોરે બે કલાકે રાવલ પરિવારના નિવાસ સ્થાનથી ભવ્ય પોથીયાત્રા નીકળશે.
- છાયાબેન સોનીના નિવાસસ્થાન : એ-૧૦૩, રાધિકા રેસીડેન્સી, પેથાપુર ખાતે મા અંબા આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨.૩૦થી સાંજે ૫.૩૦ દરમિયાન યોજાશે.
- સૅક્ટર-૩ ડી રામજી મંદિર ખાતે જય બુટભવાની આનંદ ગરબા મંડળ દ્વારા બપોરે ૧૨થી ૨ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા ફોરેન્સિક સાયન્સ અવેરનેસ માટે મીટ ફોર આફ્રિકન કન્ટ્રીઝ-૨૦૧૭નો પ્રારંભ સવારે ૧૦ કલાકે ફોરેન્સિક યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે કરાશે.
- સૅક્ટર-૩ ડી સાંઈબાબા મંદિર પાસે સ્થિત રામજી મંદિર ખાતે શ્રીમદ ભાગવત કથા બપોરે ૨થી સાંજના ૫ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

- ગુજરાત સરકારના મુખ્ય સચિવ જે.એન. સીંઘ નાદુરસ્ત તબિયતમાંથી સ્વસ્થ થતા ફરજ પર હાજર થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમણે અંગત કારણોસર લીધેલ રજાના બીજા દિવસથી જ તેઓ બિમારીમાં પટકાયા હતા.
- ગાંધીનગરના સેક્ટર-૭ના કોર્પોરેટર રાકેશ પટેલની શુક્રવારે ૧૬મી લગ્નતિથી હતી. આ દિવસને તેમણે શહેરની વિવિધ સંસ્થાઓના દિવ્યાંગ બાળકો સાથે ઉજવી તેમનું મ્હોં મીઠું કરાવવા સાથે આ બાળકો સાથે સમય વિતાવ્યો હતો.
- સિવિલ હોસ્પિટલમાં બાળક જન્મની નોંધણીમાં નર્સ દ્વારા લખવામાં થયેલ ભૂલના કારણે બાળક બદલાઈ ગયાની ફરિયાદે મચાવેલો હોબાળો ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો અને એક નાનકડી ભૂલ કેવી પરિસ્થિતિ સર્જી શકે છે તેનો અહેસાસ કરાવ્યો હતો. જો કે એ દિવસે હોસ્પિટલમાં જન્મેલ ત્રણેય બાળક દિકરીઓ જ હતી તે સ્પષ્ટ થતાં સમગ્ર મામલે 'ઘીના ઠામમાં ઘી'ની જેમ બધુ થાળે પડી ગયું હતું ને તંત્રને મોટી રાહતની લાગણી થઈ હતી.
- જેમ જેમ રાજ્ય સરકાર ૨૦-૨૦ રમવાના મુડમાં ફટાફટ નિર્ણયો લેતી જાય છે તેમ તેમ સચિવાલય ખાતે મુલાકાતીઓની સંખ્યામાં પણ વધારો થતો જાય છે. દરેક મુલાકાતી ચૂંટણીઓ આવે તે પહેલા પોતાના પેન્ડિંગ કામો નિપટાવી લેવા કચેરીઓમાં વધુને વધુ આંટાફેરા કરતા થઈ ગયા છે, આ કારણે કર્મચારીઓ 'કામમાં બિઝી' થઈ ગયા છે.

## ચિરવિદાય

- સ્વ. નટવરભાઈ હેમુભાઈ દંતાણી, ઉ.વ.૭૦

# ચૌધરી હોમસાયન્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ પોળોના પ્રવાસે




શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજના હોમસાયન્સ ડિપાર્ટમેન્ટની વિદ્યાર્થીનીઓ તથા શૈક્ષણિક કર્મચારીગણે સાબરકાંઠા જિલ્લાના ઐતિહાસિક પ્રવાસન સ્થળ વિજયનગરની પોળો તથા પોળોના જંગલની મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૯૫ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. જેમણે પોળોના જંગલના નૈસર્ગિક સૌંદર્યનો ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો અને અહીંની પ્રાકૃતિક સંપદા વિશે પણ માહિતી એકત્ર કરી હતી.

### સૅ. ૨૧માં મૉર્નિંગ વૉકમાં નિકળેલી

# મહિલાના દાગીનાની સરેઆમ લૂંટ

## સ્પૉર્ટ્સ બાઈક પર આવેલ બે શખ્સોએ સૅ. ૨૧ પ્રાથમિક શાળા સામે ચપ્પુ મારવાની ધમકી આપી સોનાની બે બંગડીઓ લૂંટી લેતાં ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૭

શહેરના સેક્ટર-૨૧ ખાતે સરકારી મકાનમાં દિકરી સાથે રહેતી વિધવા મહિલા આજે મોર્નીંગ વૉકમાં નિકળી હતી. ત્યારે સ્પોર્ટસ બાઈક પર આવેલા બે શખ્સો ચપ્પુ મારવાની બીક આપીને મહિલા પાસેથી સોનાની બે બંગડીઓ કઢાવીને લુંટી ગયા હતા. આ મામલે મહિલાએ ફરિયાદ આપતા સે. ૨૧ પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને પીએસઆઈ બી.જી. યાદવે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ પહેલા સેક્ટર-૬-બી ખાતે પ્લોટ નં. ૫૩૧/૨ ખાતે રહેતી મહિલા ઈન્દીરાબીબી અહેમદખાન રાઠોડ તેણીના પતિના મૃત્યુ બાદ સેક્ટર-૨૧ ચ-ટાઈપ બ્લોક નં. ૧૦૭/૧ ખાતે દિકરીના ઘરે રહે છે. આજે વહેલી સવારે ઈન્દીરાબીબી મોર્નીંગ વૉકમાં નીકળી હતી ત્યારે સે. ૨૧ પ્રાથમિક શાળા સામેના માર્ગ પર સ્પોર્ટસ બાઈક પર આવેલા બે શખ્સો ઈન્દીરાબીબી પાસે આવીને ઉભા રહી ગયા હતા. ''લીલાબેનને પણ ચપ્પુ માર્યુ છે, તમેય દાગીના ઉતારીને આપી દો...'' તેમ કહીને ચપ્પુ મારી દેવાની ધમકી આપીને લુંટી લીધી હતી. હાથે પહેરેલી ત્રણ તોલા વજનની રૂ. ૪૫ હજારની કિંમતની સોનાની બે બંગડીઓ ઉતારી દેવડાવીને લુંટ ચલાવી બાઈક પર આવેલા બંને તમને રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે ઈન્દીરાબીબીની ફરિયાદને આધારે સે. ૨૧ પીએસઆઈ બી. જી. યાદવે ગુનો દાખલ કરી લુંટારૂ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.